નિયામક સમાજ સુરક્ષા ખાતાની કચેરી,
બ્લોકનં.૧૬, ડો.જીવરાજ મહેતા ભવન,
જુના સચિવાલય, ગાંધીનગર,
Phone no.079 232-56309
Fax no.079 232-56308
E:mail:dir-sd@gujarat.gov.in

---

સસુખા//બલભ/કાર્યવાહી નોંધ/૨૦૧૭-૧૮/318 તા 31 / ૦૮/૨૦૧૭

પ્રતિ,
જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી,
જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી,
તમામ ........

વિષય : તા- ૧૦/૦૮/૨૦૧૭ના રોજ મળેલ સમાજ સુરક્ષા અધિકારીઓની બેઠકની કાર્યવાહી નોંધ મોકલવવા બાબત.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીઓની કામગીરીન સમિક્ષા બેઠક તા- ૧૦/૦૮/૨૦૧૭ના રોજ સર્કીટ હાઉસ, ગાંધીનગર ખાતે મળેલ જેની કાર્યવાહી નોંધ અ સાથે મોકલી આપવામાં આવે છે જેમાં દર્શાવેલ મુદ્દાઓની અમલવારી કરવા જણાવવામાં આવે છે.

નાયબ નિયામક
સમાજ સુરક્ષા ખાતું
ગુજરાત રાજય, ગાંધીનગર

બિડાણ- એસ.ડી.ઓ બેઠકની કાર્યવાહી નોંધ

નકલ સવિનય રવાના - પ્રતિ, અગ્ર સચિવશ્રી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ થવા સારૂ.
- નાયબ નિયામકશ્રી મહેકમ શાખા, અપગ શાખા, આયોજન શાખા, હિસાબી શાખા, સીપીડી શાખા, વૃધ્ધ શાખા તરફ જાણ અને અમલવારી સારૂ.

## જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીઓની કામગીરીની સમીક્ષા બેઠકની કાર્યવાહી નોંધ

તા:-૧૦/૮/૧૭ના રોજ માન.નિયામકશ્રી પી.બી.ઠાકર સાહેબશ્રીના અધ્યક્ષ સ્થાને જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓની બેઠક સર્કીટ હાઉસ, ગાંધીનગર ખાતે મળેલ હતી. જેમાં એજન્ડા મુજબ નીચેની વિગતે ચર્ચા કરવામાં આવેલ છે.

અપગ શાખા :-

- UDID માં વિકલાંગ વ્યક્તિઓના રજીસ્ટ્રેશનની કામગીરી કરવી અને જિલ્લાના લાભાર્થીઓને દરખાસ્તો આરોગ્ય વિભાગ દ્વારા સેક્શન કરી લાભાર્થીઓને UDID કાર્ડ મળી જાય તે માટે જિલ્લાના આરોગ્ય વિભાગના સંબંધિત અધિકારીશ્રીઓના સંપર્ક કરી કામગીરી તાત્કાલિક આગળ વધારવા સુચના આપેલ છે.
- જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ દ્વારા UDID સંદર્ભે ભારત સરકારની પ્રચાર-પ્રસારની ગ્રાન્ટ હજુ સુધી મળેલ ન હોય તેમ જણાવતા નિયામકશ્રી સમાજ સુરક્ષા ખાતાની કચેરી ખાતે સ્ટેટ કો-ઓર્ડીનેટરશ્રી નો સંપર્ક કરવા સંબંધિત જિલ્લાઓને સુચના આપવામાં આવેલ.
- ભારત સરકારના UDID કાર્ડ સંદર્ભે જિલ્લાઓમાં પ્રચાર-પ્રસાર કરવા બાબતે વડી કચેરી તરફથી પ્રચાર-પ્રસારના સાહિત્યના નમુના તૈયાર કરી દરેક જિલ્લામાં મોકલી આપવામાં આવશે. અને જિલ્લા કક્ષાએથી પ્રચાર-પ્રસાર કરવાનો રહેશે. તેમ માન.ના.નિયામકશ્રી(અપગ) દ્વારા જણાવેલ.
- જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ દ્વારા વિકલાંગ ઓળખકાર્ડ આજીવન આપવામાં આવે છે. પરંતુ જિલ્લાની સીવીલ હોસ્પીટલ દ્વારા પાંચ વર્ષની મુદતવાળા (મુદતી) દિવ્યાગતાનું ડૉકટરી પ્રમાણપત્ર આપવામાં આવે છે જે મુજબ ઇ-કલ્યાણ વેબ સાઇટ પર સિસ્ટમ કાર્યરત કરવાની કામગીરી વડી કચેરીથી કરવામાં આવશે તેમ માન.ના.નિયામકશ્રી (અપગ) દ્વારા જણાવેલ છે
- એસ.ટી બસમાં મફત મુસાફરીના ઓળખકાર્ડ લેમીનેશન વાળા આપવામાં આવે છે જેનું આયુષ્ય ટૂંકું હોય છે અને પાસ આજીવન આપવામાં આવે છે. તે સંદર્ભ PUC પ્લાસ્ટિકના કાર્ડ બનાવી આપવામાં આવે તે સંદર્ભે વડી કચેરી દ્વારા સરકારશ્રીમાં દરખાસ્ત કરવાની કાર્યવાહી કરવામાં આવશે તેમ જણાવેલ છે.

- સંત સુરદાસ યોજનામાં ઓગસ્ટ -૧૭ સુધીનું ચુકવણી જિલ્લા કક્ષાએથી કરવાનું રહેશે. અને સપ્ટેમ્બર -૨૦૧૭ થી PFMS મારફત DBT થી ચુકવણી કરવામાં આવશે તેમ જણાવેલ છે.
- રાજય સરકારની સંત સુરદાસ યોજનામાં DBT ની કામગીરી માટે દિવ્યાંગ મીત્રની મદદ લઇ સત્વરે કાર્યવાહી પૂર્ણ કરવા જણાવેલ.
- સંત સુરદાસ યોજનામાં લાભાર્થીઓની NSAP પોર્ટલ પર ૩૧ ઓગસ્ટ ૨૦૧૭ સુધી એન્ટ્રીની કાર્યવાહી પૂર્ણ કરવા જણાવેલ છે.
- ભારત સરકારની વિકલાંગોને મળતી ઇ-સ્કોલરશીપના વર્ષ-૨૦૧૬-૧૭ના લાભાર્થીઓને હજુ સુધી સહાયની ચુકવણી થયેલ નથી. તેમ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ દ્વારા જણાવતા માન.નિયામકશ્રી દ્વારા ભારત સરકારને પત્ર પાઠવવામાં આવશે તેમ જણાવેલ છે.
- ભારત સરકારની ઇ-સ્કોલરશીપ માટે વધુને વધુ વિધ્યાર્થીઓ ઓનલાઇન અરજી કરે તે બાબતે દરેક જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓએ કાર્યવાહી હાથ ધરવા સુચન કરેલ છે.
- કેંદ્ર સરકારની (Drugs,DDRS,ADIP,IPOP) યોજનાઓ ભારત સરકારમાં મંજુર થયેલ પ્રોજેક્ટોની આકસ્મિક નિરિક્ષણ કરવા અને તેના અહેવાલ વડી કચેરી ખાતે મોકલી આપવા જણાવેલ.
- ગરીબ કલ્યાણ મેળા બાબતે ગ્રીમકો તરફથી કીટો નહીં મળવા બાબતે સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ રજૂઆત કરેલ તે બાબતે માન.નાયબ નિયામશ્રી(અપગ) દ્વારા જણાવેલ કે ગ્રીમકો સાથે વડી કચેરી દ્વારા સંકલન સાધવામાં આવશે અને ગરીબ કલ્યાણ મેળામાં "અંધજન મંડળ,અપંગ માનવ મંડળ જેવી વિકલાંગ ધારા હેઠળ નોંધાયેલ સંસ્થાઓ તરફથી મળવાપાત્ર સાધન મેળવી સહાયના લાભાર્થીઓની વિગતો મુજબ ગરીબ કલ્યાણ મેળામાં મોકલી આપવાની કાર્યવાહી કરવામાં આવશે તેમ જણાવેલ.
- ALIMCO ભારત સરકાર પાસેથી વિકલાંગ સાધન સહાય માટે સાધનો ખરીદવા બાબતે સરકારશ્રીની મંજુરીની કાર્યવાહી વડી કચેરી તરફથી કરવામાં આવેલ છે. તેમ જણાવેલ છે.
- ગરીબ કલ્યાણ મેળામાં તા.૧૮/૪/૧૬ ના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક: અપગ/૧૦૨૦૧૬/૮૬૦૬૧૫/ન.બા.૩/છ.૧ મુજબ રૂ.૧૦,૦૦૦/- સુધીના મર્યાદામાં વિકલાંગ સંસ્થાઓ પાસેથી ખરીદ પધ્ધતિને ધ્યાનમાં રાખી સાધન ખરીદી લાભાર્થીઓને આપવા જણાવેલ છે.

હીસાબી શાખા

- જિલ્લાની કચેરીઓ તરફથી એ.જી.ઓડીટ પારાના ખુલાસા બાકી હોય તો તાત્કાલિક મોકલી આપવા અને તેની જાણ વડી કચેરીને કરવા જણાવેલ છે.
- ડી.સી બિલ નિયત સમય મર્યાદામાં વડી કચેરીને મોકલી આપવા સુચના આપવામાં આવેલ છે.

મહેકમ શાખા

- જિલ્લાઓમાં સર્વિસ કાર્ડ મોકલવાના બાકી હોય તે કર્મચારીઓના સર્વિસ કાર્ડ સત્વરે મોકલી આપવા એસ.ડી.ઓને સુચના આપવામાં આવેલ છે.
- ખાનગી અહેવાલ મોકલી આપવાના બાકી છે. તે જિલ્લાઓએ તાત્કાલિક ખાનગી અહેવાલ મોકલી આપવા તાકીદ કરેલ છે.
- ટ્રાયબલ જિલ્લાઓમાં મંજુર થયેલ  સમાજ સુરક્ષા સહાયની કામગીરીના અહેવાલ દર મહીને વડી કચેરીને સમય મર્યાદામાં મોકલી આપવા સુચના આપવામાં આવેલ છે.
- નવ રચિત જિલ્લાઓમાં કોમ્પ્યુટર ઓપરેટરોની જગ્યા મંજુર કરાવવા બાબતે ના.નિયામકશ્રી(મકમ) દ્વારા જણાવેલ છે કે વર્ષ - ૧૯૯૬ના નાંણા વિભાગના ઠરાવ મુજબ શબ્દો ઉપર કામ કરાવવા જણાવેલ છે. અને તે અંગેનો  વિગતવાર પરીપત્ર વડી કચેરીથી મોકલી આપવામાં કરવામાં આવશે.
- નિવૃત થનાર કર્મચારીઓના પેન્શન કેસો મોકલી આપવા તાકીદ કરવામા આવી અને પેન્શન  કેસોની પ્રાથમિક વિગતો સંબંધિત કર્મચારી નિયત સમય મર્યાદામાં મોકલી આપવા સંબંધિત જિલ્લા સમાજ સુરક્ષા દ્વારા લેખિતમાં કર્મચારીને જાણ કરવા જણાવેલ છે.
- પ્રધાનમંત્રી કાર્યાલય દ્વારા અરજદારોની વિવિધ રજુઆતોનો નિકાલ P G PORTAL મારફત કરવા જણાવેલ છે. અને દરેક જિલ્લાઓને પાસવર્ડ અને યુઝરનેમ પુરા પાડવામાં આવ્યા તે મુજબ અરજીઓનો નિકાલ સત્વરે કરવા સુચના આપવામાં આવી.
- જિલ્લા અને તાલુકાના કોર્ટ કેસોની અધ્યતન માહિતી મળેલ નથી તેની ચર્ચા અને મુદતે જે તે  અધિકારી/કર્મચારી એ હાજર રહી સ્થિતિની જાણ વડી કચેરીને કરવી.
- નવા પ્રોબેશન ઓફિસર અને જુ.ક/સી.કની નવી નિમણૂકના કરાર કરાવવા. અને વર્ગ-૩માં નિમણૂક પામેલા નવા કર્મચારીઓને સ્પીપા તાલીમ માટેની દરખાસ્ત ૩ નકલમાં વડી કચેરીને મોકલી આપવા જણાવવામાં આવેલ.

સીપીડી શાખા

- પાલક માતાપિતા યોજના અન્વયે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ દ્વારા નવા સુધારા મુજબ પિતાના મૃત્યુ બાદ માતાએ પુન:લગ્ન કરેલ હોય તે સંદર્ભે પુન:લગ્ન સર્ટીફીકેટ અથવા પાલક વાલીના સોગંધનામાના આધારે તલાટી કમ મંત્રીશ્રીનું પંચનામું પુરાવા તરીકે ગ્રાહ્ય રાખવા જણાવેલ છે.
- HIV શિષ્યવૃત્તિ ની આવેલ અરજીઓ તાત્કાલિક SFCAC પાસે મંજુર કરાવી શિષ્યવૃત્તિ ચુકવવા માટેની જરૂરી ગ્રાન્ટની માંગણી સીપીડી શાખાને મોકલી આપવા જણાવેલ છે.
- ગ્રાંટ ઇન કોડ હેઠળની સંસ્થાઓના નિરિક્ષણ અહેવાલ સમયસર વડી કચેરીને મોકલી આપવા જણાવેલ છે.
- અતિવૃષ્ટીને કારણે જે જિલ્લામાં સંસ્થાઓને નુકશાન થયું હોય તેની માહિતી મોકલી આપવા જણાવેલ છે.
- જિલ્લાઓની લેબર કોર્ટ કે દીવાની કોર્ટોમાં ચાલતા વિવિધ કેસોની મુદત વખતે પ્રતિનિધિ હાજર રાખી અને સમયાંતરે કેસોની પ્રગતિના અહેવાલ સમયસર વડી કચેરીને મોકલી આપવા જણાવેલ છે.

બલભ શાખા

- દરેક જિલ્લાઓને ખાતાની વિવિધ યોજનાઓ/કાયદાઓના પ્રચાર-પ્રસાર માટે ગ્રાંટની માંગણી મોકલી આપવા અને પ્રચાર-પ્રસારની કામગીરી જિલ્લામાં વધુ કરવા સુચના આપવામાં આવી.
- કેદી સહાયના તપાસના બાકી કેસોની સમીક્ષા કરવામાં આવી અને બાકી કેસોની તપાસ તાત્કાલિક પૂર્ણ કરી ઘર તપાસ અહેવાલ સંબંધિત મધ્યસ્થ જેલોને મોકલી જણાવેલ છે.

જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓની સમીક્ષા બેઠકમાં માન.અગ્રસચિવશ્રી કમલ દયાની સાહેબ ઉપસ્થિત રહેલ હતા. અને માન.નિયામકશ્રી દ્વારા તેમનું અભિવાદન કરવામાં આવ્યું અને બેઠકની કાર્યવાહી આગળ વધારવામાં આવી

- બાળ કલ્યાણક્ષેત્રે કામ કરતી તમામ PAB એપ્રુવલ સરકારી અને બિન સરકારી સંસ્થાઓમા સંકલિત બાળ સુરક્ષા યોજના અન્વયે મંજુર કરવામા આવેલ મહેકમની ભરતી ૩૧-ઓગસ્ટ સુધીમાં પૂર્ણ કરવા માન. અગ્રસચિવશ્રી એ ખાસ સુચના આપેલ.

- ગ્રાન્ટેડ સંસ્થાઓના મહેકમના ખર્ચને સંસ્થા દ્વારા કરવામાં આવશે તે ઓડીટ વખતે માન્ય ખર્ચ તરીકે ગણવામાં આવશે અને તેને ઓડીટ કર્યા બાદ મુકવામાં આવશે તેમ સંસ્થાઓના વહીવટી મંડળને સંબંધિત જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓએ માર્ગદર્શન આપવા જણાવેલ છે.
- વિકલાંગ વ્યક્તિઓના અધિકાર અધિનિયમ -૨૦૧૬ અન્વયે જિલ્લા કક્ષાની સમીતીની બેઠક માન.કલેક્ટરશ્રીના અધ્યક્ષ સ્થાને તાત્કાલિક બોલાવવા માન. અગ્રસચિવશ્રીએ જિલ્લા સામાજ સુરક્ષા અધિકારીશ્રીઓને સુચના આપવામાં આવેલ
- સંત સુરદાસ યોજનાના NSAP પોર્ટલ પર એન્ટ્રીની જિલ્લાવાર સમીક્ષા કરવામાં આવી અને એન્ટ્રી ૩૧-ઓગસ્ટ સુધી પૂર્ણ કરવા તાકીદ કરવામાં આવેલ.

ઉપરોક્ત બેઠકમાં જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓની કામગીરી અને યોજનાઓની સમિક્ષા કરી સુચનાઓ આપેલ અને અંતે બેઠકમાં અન્ય કોઇ કામકાજના મુદ્દા ન હોઇ માનનીય નિયામક શ્રી દ્વારા જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓને સંત સુરદાસ યોજનાના NSAP પોર્ટલ પર એન્ટ્રી ૩૧-ઓગસ્ટ સુધી પૂર્ણ કરવા જણાવવામાં આવ્યું અને બેઠકનું કામકાજ પૂર્ણ થયેલું જાહેર કરેલ.

નિયામક
સમાજ સુરક્ષા ખાતું
ગુજરાત રાજય,ગાંધીનગર